ક્રમાંક:COS/SEC/e-file/276/2026/1949/SECONDARY

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,
સેક્ટર-૧૯, ગાંધીનગર
ગુજરાત રાજ્ય.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિ. તમામ.

વિષય: જ્ઞાન સહાયકોના કરાર રિન્યુ કરવા બાબત.

સંદર્ભ: (૧)શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ(પા.ફા.), તા.૧૦/૦૭/૨૦૨૩

(૨) શિક્ષણ વિભાગના સુધારા ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/3/2023/2870/G, Dt.11/07/2025

(૩) માનનીય મંત્રીશ્રી(શિક્ષણ) ની સિંગલ ફાઇલની પર તા.૦૮/૦૬/૨૦૨૬ ના રોજ મળેલ મંજૂરી અન્વયે

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના ઉક્ત સંદર્ભના ઠરાવથી રાજ્યની સરકારી તથા બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં "જ્ઞાન સહાયક યોજના" વર્ષ ૨૦૨૩-૨૪ થી શરૂ કરેલ છે.

સંદર્ભ દર્શિત પત્ર-૨ ની શરત નં-૩(૫) માં જણાવ્યા મુજબ**"જ્ઞાન સહાયકોની કામગીરીનો કરાર મહત્તમ ૧૧ માસનો રહેશે. (વેકેશન સિવાય). દર વર્ષે શૈક્ષણિક વર્ષના છેલ્લા દિવસે આ કરાર આપોઆપ રદ થયેલ ગણાશે. શૈક્ષણિક વર્ષ દરમિયાન ગમે ત્યારે જ્ઞાન સહાયક સેવામાં જોડાયેલ હશે તો પણ તેઓનો કરાર જે તે શૈક્ષણિક વર્ષના છેલ્લા દિવસે આપોઆપ રદ થયેલ ગણાશે."** ની જોગવાઇ થયેલ છે.

જેથી, ઉક્ત જોગવાઇ મુજબ હાલ તમામ જ્ઞાન સહાયકોનો કરાર રદ થયેલ હોઈ શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે એકપણ જ્ઞાન સહાયક કાર્યરત નથી. વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાનમાં લઇ વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે જ્યાં સુધી કાયમી શિક્ષકો કે નવા જ્ઞાન સહાયકની નિમણૂંક ન થાય ત્યાં સુધી શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં કાર્યરત હતા તે જ્ઞાન સહાયકોનો કરાર રિન્યુ કરવા અંગે સંદર્ભ-૩ થી મળેલ મંજૂરી અન્વયે આપના જિલ્લામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં જ્ઞાન સહાયક તરીકે ફરજ બજાવતા જ્ઞાન સહાયકોના કરાર રિન્યુ કરવા જણાવવામાં આવે છે.

નાયબ નિયામક
(માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી
ગુ.રા.ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના:</u>

- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૦૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (રા.ક. શિક્ષણ)ના અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૦૨, સચિવાલય, ગાંધીનગર.
- માન. અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, બ્લોક નં.-૫/૭ શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર.
- માન. કમિશનરશ્રીના અંગત મદદનીશશ્રી, કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગર.

*Signature Not Verified*

*Signed by:Jayeshbhai Mohanbhai Patel*
*Deputy Director*
*Date:2026.06.09 14:37:12 +5:30*

File No: COS/SEC/e-file/276/2026/1949/SECONDARY
Approved By: Deputy Director,SECONDARY,COS

Open the document in Adobe Acrobat DC to verify the E-sign